# મહાવિનાશની સંભાવનાઓ વચ્ચે આપણી સલામતી તેમજ સદગતિ માટે શું કરીશું?

બ્રહ્માકુમાર પ્રફુલચંદ્ર શાહ ; (M) 9825892710



સર્જન,અવનતિ, વિસર્જન અને ફરી પાછુ નવસર્જન એ કુદરતનો કે આ વિશ્વનાટકનો એક મૂળભૂત પાયાનો સિધ્ધાંત છે. બધુ જ પરિવર્તનશીલ છે. અને આ બધા પરિવર્તનો ચક્રીય છે. આ પરિવર્તનો શ્રેષ્ઠથી કનિષ્ઠ, વ્યવસ્થામાં થી અવ્યવસ્થા તેમજ નૂતન થી જીર્ણતા તરફ ગતિમાન હોય છે. અર્થાત કોઈપણ નૂતન વસ્તુ, વ્યક્તિ કે પરિસ્થિતિ સમયના વહેણ સાથે યથાવત નૂતન રહેતી નથી. આ સિધ્ધાંતને આધુનિક વિજ્ઞાન પણ સમર્થન આપે છે. ભૌતિક વિજ્ઞાનનો થર્મોડાયનેમિક્સનો બીજો સિધ્ધાંત પણ અવ્યવસ્થામાં થતાં વધારા **(Increasing Entropy)** ની જ વાત કરે છે.

આ સિધ્ધાંતને જો આપણે આ ધરા પર પુરૂષ, પ્રકૃતિ અને પરમાત્મા વચ્ચે ખેલાઈ રહેલા આ બૃહદ નાટકના સંદર્ભમાં જોઈએ તો ત્યાં પણ આ વિશ્વનાટકની શરૂઆત એક શ્રેષ્ઠ યુગ થાય છે જેનો ઉલ્લેખ ઈતીહાસમાં કે શાસ્ત્રોમાં સતયુગ કે ગોલ્ડન એજ તરીકે કરવામાં આવ્યો છે. પરંતુ ત્યારબાદ સમયાંતરે આ સતયુગ, ત્રેતાયુગ, દ્વાપરયુગમાં અને અંતે કલયુગમાં પરીવર્તન પામે છે. સતયુગનો સમય કેટલો શ્રેષ્ઠ તેમજ સમૃધ્ધ હતો તેનું વર્ણન પણ આપણે ઘણા બધ ધર્મગ્રંથોમાં તેમજ વિશ્વની પૂરાતન સંસ્કૃતિઓમાં જોઈએ છીએ. તે સમયે વ્યક્તિ કેટલો મૂલ્યનિષ્ઠ તેમજ ગુણ, શક્તિ તેમજ દિવ્યતા સંપન્ન હતો. તેના ઉલ્લેખથી પણ આપણે પરિચિત છીએ. પરંતુ કુદરતના ઉપરોક્ત સિધ્ધાંત પ્રમાણે ધીરે ધીરે અવનતિ થતાં આજે આપણે ચોક્કસ પણે વિસર્જનના આરે આવીને ઊભા છીએ. સૃષ્ટિચક્રમાં આ સમયનો ઉલ્લેખ પણ મહાવિનાશ કે કયામત ના સમય તરીકે કરવામાં આવ્યો છે. અને ત્યાં આ સમયના ચિન્હોનું જે વર્ણન કરવામાં આવ્યું છે તેનાથી પણ વધુ કનિષ્ઠ પરિસ્થિતિ આજે આપણે જોઈ રહ્યા છીએ તેમજ અનુભવી રહ્યા છીએ. વિજ્ઞાનીઓ, ભવિષ્યવેત્તાઓ, ઈતિહાસકારો, તત્વચિંતકો, તેમજ ધર્મ ધુરંધરો પણ આ સમયને એક મહાવિનાશ કે વિસર્જનના સમય તરીકે જોઈ રહ્યા છે. નોસ્ટ્રાડેમસ, પ્રો. હરાર, જીન ડિક્શન, બાબા વાંગા, એડગર કેઇસી જેવા અનેક ભવિષ્યવેત્તાઓએ આ સમયને વિકરાલ મહાવિનાશના સમય તરીકે વર્ણવ્યો છે.

વિજ્ઞાની ચેપલ સ્પષ્ટ પણે માને છે કે ભલે વિજ્ઞાન દ્વારા વિશ્વમાં વિકાસ થયો હોય અને લોકોની ભૌતિક સુવિધાઓમાં પણ વૃધ્ધિ થઈ હોય પરંતુ સલામતીના બહાના હેઠળ, અસ્વસ્થ ગળાકાપ સ્પર્ધાને કારણે તેંમજ રાજકારણીઓની સત્તા લોલુપતના કારણે જે વિનાશક-ઘાતક શસ્ત્ર-સરંજામ તૈયાર કરવામાં આવ્યો છે તેણે વિશ્વની પરિસ્થિતિને અત્યંત સ્ફોટક બનાવી દીધી છે. ન્યુક્લીઅર, બાયોલોજીક તેમજ કેમિકલ શસ્ત્રો, મીસાઇલ્સ તેમજ સ્ટારવોર્સ ક્ષેત્રે એટલી હદે વિકાસ થયો છે કે બે વિશ્વયુધ્ધ બાદ હવે જો ત્રીજુ વિશ્વયુધ્ધ થશે તો તે અંતિમ હશે. કોઈ આતંકી સંગઠન, કોઈ દુષ્ટ તાનાશાહ, કે કોઈ વિજ્ઞાની દ્વારા ઈરાદા પૂર્વક કે અકસ્માતે આ શસ્ત્રનો ઉપયોગ થાય તો માનવ નિર્મિત પ્રલયને કોઈ રોકી શકે તેમ નથી. ૧૯૪૫માં જાપાન પર ફેકાયેલ અણુબોમ્બ દ્વારા જે વિનાશ વેરાયો ત્યારબાદ વિજ્ઞાનીઓના એક સંગઠનને ડૂમ્સ ડે ક્લોક-એક સાંકેતિક ઘડિયાળ બનાવવાનો વિચાર આવ્યો. જે પૃથ્વીનો વિનાશ કેટલો નજીક છે તેનો સમય દર્શાવે છે. તે ડૂમ્સ ડે ક્લોક પણ હવે મહાવિનાશની આ અંતિમ ઘડીઓ છે તેમ દર્શાવી રહ્યું છે.

પરંતુ ભયભીત કે નિરાશ થવાની જરૂર નથી. સૃષ્ટિચક્રના સિધ્ધાંત અનુસાર વિસર્જન પછીનું નવસર્જન પણ નિશ્ચિત છે. પરંતુ આ નવસર્જન કેવી રીતે સંભવ છે તે માટે આપણે , આપણી મહાન વિરાસત સમાન, આધ્યાત્મિક જ્ઞાન તેમજ યોગ વિજ્ઞાનની સાચી સમજ કેળવવી પડશે. આ સમજથી તેમજ તેના અભ્યાસથી ન સિર્ફ આપણે સલામત રહીશું પણ આપણે વિશ્વના નવસર્જનના પણ ભાગીદાર બનીશું.

આપણું આધ્યાત્મિક જ્ઞાન સ્પષ્ટ પણે કહે છે કે પાંચ જડ તત્વોના બનેલા આપણા આ નાશવંત શરીરથી ભિન્ન આપણે સ્વયં એક અજર, અમર, અવિનાશી આત્માઓ છીએ. મારુ સ્વરૂપ અતિ સૂક્ષ્મ જ્યોતિ બિંદુ સ્વરૂપ છે. સૃષ્ટિ રંગમંચ પર મારો પાર્ટ ભજવવા માટે મારૂ શરીર એક સાધન માત્ર કે વસ્ત્ર માત્ર છે. સતયુગ તેમજ ત્રેતાયુગ દરમ્યાન મારી આ સ્મૃતિ પાક્કી હતી. એને કારણે હું સંપૂર્ણ પણે આત્મ અભિમાની હતો. દેહ હોવા છતાં દેહભાનથી મુક્ત હતો. આને કારણે મારુ જીવન વિકારોથી મુક્ત તેમજ વિકર્મોથી પણ મુક્ત હતું. તેથી કરીને મારુ જીવન સુખ-શાંતિ-સ્મૃધ્ધિથી તેમજ દિવ્યગુણો, દિવ્યશક્તિઓથી સંપાન્ન હતું. પરંતુ સમયાંતરે તેમજ જન્માંતરે મે મારી આત્મિક સ્મૃતિ ગુમાવી અને દ્વાપર યુગમાં હું દેહભાનમાં આવી ગયો. આ દેહભાનને કારણે અનેક વિષય વિકારોથી હું ગ્રસ્ત થયો અને તેના પ્રભાવને કારણે જાણે અજાણે હું ઘણા વિકર્મો કરી બેઠો. જેમાં સમયાંતરે-જન્માંતરે ઉત્તરોત્તર વધારો થવાને કારણે હું અનેક વિકર્મોના બોજથી લદાઈ ગયો, અનેક વ્યક્તિઓ સાથેના કર્મ બંધનમાં ફસાઈ ગયો અને પાવનમાંથી પતીત બની ગયો. આજ મારા દૂ:ખ, અશાંતિ, રોગ, શોક, પીડાનું કારણ બન્યું. અનેક સમસ્યાઓથી ભરેલી વિશ્વની આજની જે સ્ફોટક પરિસ્થિતિ છે તેના મૂળમાં મનુષ્ય આત્માઓની તમોપ્રધાનતા છે. આવા સમયે હું કેટલો સલામત રહીશ? મારી આગળની ગતિ કેવી હશે ? હું આવનાર કષ્ટોના અનુભવથી કેટલો દૂર કે મુક્ત રહીશ? તેનો આધાર આપણી આત્માની અવસ્થા પર નિર્ભર હશે. એટલે આપણે આવી મહાવિનાશની સંભાવનાઓ વચ્ચે શું કરવું જોઈએ?

એ વાત ભલે નિશ્ચિત હોય કે મારૂ આ પાંચ તત્વોનું બનેલું શરીર વિનાશમાં નષ્ટ થશે. પરંતુ મારી આગળની ગતિ ચાલુ રહેવાની છે તે પણ એટલુજ નિશ્ચિત છે. એટલે હવે જો આપણે આપણી આત્માની સલામતી તેમજ સદગતિ ઇચ્છતા હોઈએ, દુ:ખ, અશાંતિ, રોગ, શોકની અનીભૂતિથી મુક્ત રહેવા ઇચ્છતા હોઈએ, આપણી આત્મા ને પવન બનાવવા ઇચ્છતા હોઈએ તો આપણે દેહભાનથી મુક્ત થઈ, વિષય વિકારોના પ્રભાવથી મુક્ત થઈ આત્મચિંતન-આત્મદર્શન કરી આત્માની સ્વસ્મૃતિમાં કે સ્વસ્થિતિમાં સ્થિત થવું પડશે. અને ભારતીય સંસ્કૃતિની વિરાસત સમાન રાજયોગના નિયમિત અભ્યાસ દ્વારા આત્માનું પરમાત્મા સાથે અનુસંધાન પ્રસ્થાપિત કરી આત્માને જ્ઞાન, પવિત્રતા, શાંતિ, સુખ, આનંદ, પ્રેમ, શક્તિથી સંપન્ન બનાવવી પડશે. અને યોગાભ્યાસ દ્વારા આપણે આપણા વિકર્મોનો વિનાશ કરવો પડશે. આ વિધિ દ્વારા આત્માનું એટલી હદે સશક્તિકરણ થશે કે મહાવિનાશના સમયે લોકો હાય હાય કરતા હશે અને આપણે નવસર્જનની તૈયારીના ભાગ રૂપ વાહ વાહ કરતાં હોઈશું અને સદગતિને પામીશું. અંતિમ સમયની ધર્મરાજની સજાઓથી પણ મુક્ત રહીશું. તો આવો આપણે રાજયોગ શિખીએ અને તેનો અભ્યાસ કરીએ. .

------- 00000 -----

